# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 19-08-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : TUESDAY** **National News**

## આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

***********************************************************

1) સંસદમાં ખાણ અને ખનીજ વિકાસ અને નિયમન સંશોધન ખરડો 2025 અને લોકસભામાં ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ સુધારા ખરડો 2025 પસાર
2) કેન્દ્રીય મંત્રી જી. કિશન રેડ્ડીએ કહ્યું , સરકારના ક્રાંતિકારી પરિવર્તનથી દેશમાં કોલસા અને ખનીજનું ઉત્પાદન વધ્યું
3) કેન્દ્રીય મંત્રીમંડળે એક હજાર 507 કરોડ રૂપિયાના ખર્ચ સાથે રાજસ્થાનમાં ગ્રીન ફિલ્ડ હવાઈમથકના વિકાસને મંજૂરી આપી
4) યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીએ યુદ્ધ સમાપ્ત કરવા રશિયાના રાષ્ટ્રપ્રમુખ સાથે રૂબરૂ વાત કરવા તૈયારી બતાવી.
5) ઑલિમ્પિક ચંદ્રક વિજેતા મનુ ભાકરે કઝાખસ્તાનમાં ઍશિયન નિશાનેબાજી ચૅમ્પિયનશીપમાં કાંસ્ય ચંદ્રક જીત્યો

.............................................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# REV MINES AND MINERALS

સંસદે આજે ખાણ અને ખનીજ વિકાસ અને નિયમન સંશોધન ખરડો 2025 પસાર કર્યો. રાજ્યસભાએ આજે આ ખરડાને મંજૂરી આપી છે. લોકસભા પહેલા જ આ ખરડાને પસાર કરી ચૂક્યું છે. આ ખરડો ખાણ અને ખનીજ વિકાસ અને નિયમન અધિનિયમ 1957માં વધુ સંશોધન કરશે. તેમાં એવી જોગવાઈ છે કે , ભાડાપટ્ટાધારકો હાલના ભાડાપટ્ટામાં અન્ય ખનીજનો સમાવેશ કરવા રાજ્ય સરકારને અરજી કરી શકે છે. મહત્વના અને વ્યૂહાત્મક ખનીજો તથા અન્ય ઉલ્લેખિત ખનીજોને સામેલ કરવા અન્ય વધારાની કોઈ રકમ ચૂકવવાની જરૂર નથી.

ખરડા પર ચર્ચાનો જવાબ આપતા કોલસા અને ખાણ મંત્રી જી. કિશન રેડ્ડીએ કહ્યું, સરકારે ખાણખનીજ ક્ષેત્રે ક્રાંતિકારી પરિવર્તન કર્યા છે. તેના પરિણામ સ્વરૂપે કોલસા અને ખનીજનું ઉત્પાદન વધ્યું છે. તેમણે કહ્યું, ખાણોની પારદર્શક ફાળવણીને કારણે રાજ્યોને કેન્દ્ર પાસેથી છ લાખ 85 હજાર કરોડ રૂપિયા મળ્યા છે. ભારત બીજું સૌથી મોટું કોલસા ઉત્પાદક અને બીજું સૌથી મોટું કોલસાનું ગ્રાહક છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશમાં કોલસા ઉત્પાદન પહેલી વાર એક અબજ ટનને પાર પહોંચ્યું હોવાનું પણ શ્રી રેડ્ડીએ ઉમેર્યું.

. .

# LS IIM BILL

લોકસભામાં ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ્સ ઑફ મૅનેજમેન્ટ સુધારા ખરડો 2025 પસાર થયું છે. આ ખરડો રજૂ કરતા કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું, તેનો હેતુ I.I.M. કાયદા 2017માં વધુ સુધારા લાવવાનો છે. તેમણે કહ્યું, ખરડામાં અસમના ગુવાહાટીમાં I.I.M.ની સ્થાપનાની જોગવાઈ છે, જે દેશના ઉત્તર-પૂર્વ ક્ષેત્રમાં એક મહત્વનું કેન્દ્ર છે. શ્રી પ્રધાને કહ્યું , આ ક્ષેત્રના લોકોની જૂની માગ હતી. I.I.M. ગુવાહાટી માટે 550 કરોડ રૂપિયાના નાણાકીય અનુદાનની ફાળવણી થઈ છે.

(BYTE: DILIP SAIKIYA, LOKSABHA)

શિક્ષણ મંત્રીએ કહ્યું, દેશમાં હાલ 21 IIM સંસ્થા છે. વિદેશમાં પણ આ સંસ્થાઓની માગ થઈ રહી છે અને આવતા મહિને દુબઈમાં I.I.M. પરિસર શરૂ થઈ જશે. બિહારમાં વિશેષ સઘન સમીક્ષા અંગે વિરોધ પક્ષના હોબાળા વચ્ચે ચર્ચા વગર જ ગૃહે આ ખરડો પસાર કર્યો.

.........

# REV CABINET

કેન્દ્રીય મંત્રીમંડળે એક હજાર 507 કરોડ રૂપિયાના અંદાજિત ખર્ચ સાથે રાજસ્થાનના કોટા –બૂન્દીમાં ગ્રીન ફિલ્ડ હવાઈમથકના વિકાસને મંજૂરી આપી છે. આ પરિયોજનામાં અતિવ્યસ્ત સમયમાં એક હજાર વાહનચાલકોને સંભાળવા સંબંધિત 20 હજાર વર્ગ મીટરના ક્ષેત્રવાળા ટર્મિનલ ભવનનું નિર્માણ સામેલ છે.

(BYTE: ASHWINI VAISHNAV, UNION MINISTER) KOTA AIRPORT

નવી દિલ્હીમાં આજે પત્રકાર પરિષદમાં માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું , મંત્રીમંડળે આઠ હજાર 307 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે ઓડિશામાં છ માર્ગ સાથે જોડાયેલો રાજધાની ક્ષેત્ર નિયંત્રિત રિન્ગ રોડના નિર્માણને પણ મંજૂરી આપી છે.

**(BYTE: ASHWINI VAISHNAV, UNION MINISTER) SIX LANE**

. . .

# US UKRAINE RUSSIA

યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીએ કહ્યું , તેઓ યુદ્ધ સમાપ્ત કરવા રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન સાથે રૂબરૂ વાત માટે તૈયાર છે. તેમણે કહ્યું, તેઓ કોઈ પણ પૂર્વશરત વગર શ્રી પુતિન સાથે કોઈ પણ વાતચીત કરવા તૈયાર છે.

શ્રી ઝેલેન્સ્કીએ વ્હાઈટ હાઉસમાં અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પ અને યુરોપીયન નેતાઓ સાથે વાતચીત બાદ પત્રકારોને માહિતી આપતા તેમણે આ વાત કહી. બેઠક બાદ શ્રી ટ્રમ્પે યુક્રેનમાં યુદ્ધ સમાપ્ત કરવામાં મદદ માટે રાષ્ટ્રપ્રમુખ પુતિન અને ઝેલેન્સ્કી વચ્ચે રૂબરૂ વાતચીતની યોજનાની જાહેરાત કરી. ત્રણેય નેતાઓ વચ્ચે એક ત્રિ-પક્ષીય શિખર સંમેલન પણ થશે તેમ પણ શ્રી ટ્રમ્પે કહ્યું,

. . .

# REV DAY CHINA FM DOVAL TALKS

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ અને ચીનના વિદેશ મંત્રી વાન્ગ યી-એ આજે નવી દિલ્હીમાં મુલાકાત કરી. બંને મહાનુભાવે ભારત અને ચીન વચ્ચે સરહદ વિવાદ પર વિશેષ પ્રતિનિધિ સંવાદના 24-મા તબક્કાની વાતચીત કરી. શ્રી ડોભાલે કહ્યું, ગત નવ મહિનામાં સરહદ પર સ્થિતિ સુધરી છે અને પરિસ્થિતિ શાંતિપૂર્ણ તથા સ્થિર રહે છે. બંને દેશ વચ્ચે દ્વિપક્ષીય સંબંધ મજબૂત રહ્યા હોવાનું પણ તેમણે ઉમેર્યું.

24-મી વિશેષ પ્રતિનિધિ સંવાદની વાટાઘાટો સફળ રહેશે તેવો પણ વિશ્વાસ શ્રી ડોભાલે વ્યક્ત કર્યો. તેમણે કહ્યું , નવા વાતાવરણમાં બંને પક્ષ વચ્ચે સહકારના વિવિધ ક્ષેત્રને આગળ ધપાવ્યા છે. તેમણે આ વાટાઘાટો વિશેષ મહત્વ રાખે છે. કારણ કે , પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ટૂંક સમયમાં શાંઘાઈ સહકાર સંગઠન- S.C.O શિખર સંમેલનમાં ભાગ લેશે.

ચીનના વિદેશ મંત્રી વાન્ગ યી-એ ભારપૂર્વક કહ્યું , કઝાનમાં રાષ્ટ્રપ્રમુખ શી જિનપિંગ અને પ્રધાનમંત્રી મોદી વચ્ચેની મુલાકાતે દ્વિપક્ષીય સંબંધની દિશા નક્કી કરી અને સરહદ વિવાદના યોગ્ય સમાધાન માટે પ્રોત્સાહિત કરી.

. . . . . . . . .

# REV SHOOTING

બે વખતનાં ઑલિમ્પિક ચંદ્રક વિજેતા મનુ ભાકરે કઝાખસ્તાનમાં એશિયન નિશાનેબાજી ચૅમ્પિયનશીપમાં મહિલાઓની 10 મીટર ઍર પિસ્તોલ સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીત્યો છે. મનુ ભાકરે 219 પૂર્ણાંક સાત પૉઈન્ટ મેળવ્યાં. ચીનનાં ખેલાડી પહેલા અને કૉરિયાનાં ખેલાડી બીજા ક્રમાંકે રહ્યાં.

ભારતે મહિલાઓની 10 મીટર ઍર પિસ્તોલની ટીમ સ્પર્ધામાં પણ કાંસ્ય ચંદ્રક જીત્યો છે. મનુ ભાકર , સુરુચિ સિંહ અને પલક ગુલિયાની ટીમે પણ એક હજાર 730 પૉઈન્ટ મેળવ્યાં છે. ભારતે આ ચેમ્પિયનશીપમાં સિનિયર અને જૂનિયર વર્ગમાં 164 નિશાનેબાજનું સૌથી મોટું દળ મોકલ્યું છે. આ સ્પર્ધામાં 28 દેશના 734 ખેલાડીએ ભાગ લીધો છે.

. . .

# ASIA CUP

યુએઈમાં યોજાનારા આગામી એશિયા કપ માટે ઉપ-સુકાની તરીકે નિયુક્ત થયા બાદ ભારતના ટેસ્ટ સુકાની શુભમન ગિલ ટી-20 આંતરરાષ્ટ્રીય ફોર્મેટમાં વાપસી કરી ચૂક્યા છે. સૂર્યકુમાર યાદવ ભારતની ટી-20 ટીમનું નેતૃત્વ ચાલુ રાખશે.

ટીમમાં અન્ય નોંધપાત્ર સમાવેશમાં ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ અને સ્પિનર કુલદીપ યાદવનો સમાવેશ કરાયો છે . BCCIના મુખ્ય પસંદગીકાર અજિત અગરકરે કહ્યું, પ્રસિદ્ધ કૃષ્ણ , વોશિંગ્ટન સુંદર, રિયાન પરાગ, ધ્રુવ જુરેલ અને યશસ્વી જયસ્વાલ ભારતની એશિયા કપ ટીમ માટે સ્ટેન્ડબાય છે. આઠ ટીમની એશિયા કપ T20 ટુર્નામેન્ટ 9 થી 28 સપ્ટેમ્બર દરમિયાન અબુ ધાબી અને દુબઈમાં રમાશે.

. . . . .